સચિવાલય પોઈન્ટના સ્ટેન્ડમાં શાકભાજીની લારીઓનો અડીંગો

બસ સ્ટેન્ડની જગ્યામાં લારીઓ ખડકાતા એસ.ટી. તંત્રને શિરદર્દ : ટ્રાફિક પોલીસને રજૂઆત

ગાંધીનગર, તા. ૨૯

સચિવાલય પોઈન્ટ બસસ્ટેન્ડના વિસ્તારમાં લારી ગલ્લાવાળાએ અડ્ડો જમાવતા એસ.ટી. તંત્રમાં મોટી મુંઝવણ ઉભી થઈ છે. પોઈન્ટની બસના પાર્કિંગ સ્ટેન્ડમાં શાકભાજીની લારીઓ ખડકાતા ગમે ત્યારે અકસ્માત થવાની સંભાવના પણ છે. આ મામલે એસ.ટી. તંત્ર દ્વારા ટ્રાફિક પોલીસને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

(તસવીર : દિપક જાની)

શહેરમાં લારી-ગલ્લાના વધતા દબાણના લીધે સેકટરોમાં અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. કોમર્શિયલ કોમ્પલેક્ષ નજીક નિર્માણ કરાયેલા પાર્કિંગ પ્લેસ ઉપર પણ લારી ગલ્લા અસ્તિત્વમાં આવી જતા લાખોના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કિંગનો ખર્ચ માથે પડ્યો છે. પાર્કિંગ પ્લેસ પર દબાણોએ અડીંગો જમાવતા ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ ઉદ્‌ભવી છે. જેના પરિણામે છાશવારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે. જૂના સચિવાલય સામે સ્થિત કર્મચારીઓની પોઈન્ટની બસના પાર્કિંગમાં પણ છેલ્લા કેટલાક સમયથી લારી-ગલ્લાની સંખ્યા વધી ગઈ છે. સાંજના પોઈન્ટ બસના પીકઅપ સમયે શાકભાજીની લારીઓ સ્થળ પરથી ન હટતા એસ.ટી.ના ડ્રાઈવરો માટે શિરદર્દ ઉભો થયો છે. આવા સંજોગોમાં ગમે ત્યારે અકસ્માત થવાની પણ સંભાવના છે. આ મામલે એસ.ટી. ડેપોના મેનેજર યોગેશ પટેલે ટ્રાફિક પોલીસને પણ પત્ર લખી આ સમસ્યા નિવારવા રજૂઆત કરી છે. લાંબા સમયથી ઉદ્‌ભવેલી આ સમસ્યા એસ.ટી.ના ડ્રાઈવરો માટે મુંઝવણરૂપ બની છે. બીજીતરફ કર્મચારીઓમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે.

ગાંધીનગર લોકસભા વિસ્તારની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ૬૮.૭૫ ટકા વિક્રમી મતદાન થયું હતું

૧૯૬૭ની ચૂંટણીમાં ૨૧૬૦૦ મતો રદ થયા હતા : કોંગ્રેસના સોમચંદ સોલંકી અને રિપબ્લીકન પાર્ટીના કરસનદાસ પરમાર વચ્ચે જંગ ખેલાયો હતો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સૌ -થમ વર્ષ-૧૯૬૭માં લોકસભાની સામાન્ય ચૂંટણી (ચોથી લોકસભા) યોજાઈ હતી. જેમાં મતદારોએ ભારે ઉત્સાહ દાખવીને ૬૮.૭૫ ટકા મતદાન કર્યુ હતું. ત્યાર બાદ જિલ્લામાં યોજાયેલ પાંચમી લોકસભાની ચૂંટણી વર્ષ-૧૯૭૧માં ૫૪.૧૩ ટકા અને છઠ્ઠી લોકસભાની ચુંટણી-૧૯૭૭માં ૬૩.૬૯ ટકા મતદાન થયું હતું. બૃહદ મુંબઈમાંથી ૧મે, ૧૯૬૦ના રોજ ગુજરાતની અલગ રાજય તરીકે સ્થાપના થઈ. તે પછી રાજયના પાટનગર ગાંધીનગરની સ્થાપના કરવામાં આવી હતી. રાજયના પાટનગર ગાંધીનગરમાં સૌ -થમ વર્ષ- ૧૯૬૭માં ચોથી લોકસભા સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. -થમ લોકસભાની ચૂંટણીમાં ગાંધીનગરની એસ.સી ઉમેદવારની બેઠક હતી. પાટનગરની બેઠક પર ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના શ્રી એસ.એમ. સોલકી અને રીપબ્લીકન પાર્ટી ઓફ ઈન્ડિયાના શ્રી કે. યુ. પરમાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો.

આ બન્ને ઉમેદવારનું ભાવિ નક્કી કરવા માટે તા.૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૭ના રોજ મતદાન યોજાયું હતું. જેમાં ૫૧૫૯૮૦ મતદારોમાંથી ૩૫૪૭૫૮ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. થયેલ મતદાનમાંથી ૨૧૬૦૦ મતો અમાન્ય ગણવામાં આવ્યા હતા. ઉમેદવારનું ભાવિ ૩૩૩૧૫૮ મતદારો દ્વારા નક્કી કરવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ગટરલાઈન અપગ્રેડ કરવા કવાયત

વિકાસની સાથે વધતી વસતીને ધ્યાને લઈ ગટરલાઈનની ક્ષમતા વધારાશે

ગાંધીનગર, તા.૨૯

શહેરમાં જુની પુરાણી ગટરલાઈન વિકાસ અને વસતી મુજબ પર્યાપ્ત ન હોવાથી ગટરલાઈનને અપગ્રેડ કરવા માટે તંત્ર કક્ષાએથી ટૂંકમાં દરખાસ્ત તૈયાર કરવામાં આવશે. હાલની સ્થિતિએ સેકટરોમાં છાશવારે ગટરો ઉભરાવવાની સમસ્યાએ ભરડો લીધો છે.

શહેરી વિસ્તારમાં દાયકાપૂર્વે વસતી અને વિકાસને ધ્યાને લઈ પાણી-ગટર લાઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે બે વર્ષ પૂર્વે શહેરી વિસ્તારમાં પાણી વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ કરવા પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. કરોડોના ખર્ચે હાથ ધરાયેલી આ કામગીરીના અંતે સેકટરોમાં ફોર્સથી પાણી પુરું પાડવામાં આવી રહ્યું છે જયારે પાણીની સાથે આવશ્યક ગટરલાઈનની સેવાને પણ અપગ્રેડ કરવાનો સમય પાકી ગયો હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરના સેકટરોમાં છેલ્લા બે વર્ષથી

ડીશ ગોળા - ઉનાળાની અનોખી મજા ગાંધીનગરમાં વહેલી સાંજથી મોડી રાત સુધી ડીશ ગોળા ખાવાની એક અનોખી મજા છે... અલગ અલગ ટેસ્ટમાં, અલગ અલગ શૈલીથી બનેલા ડીશગોળા આજકાલ ગાંધીનગરના માર્ગો પર સારૂ માર્કેટ ઉભું કરી રહ્યા છે... (તસવીર : દિપક જાની)

આવતીકાલથી ચૈત્રી નવરાત્રીનો મંગલ પ્રારંભ

ભક્તિ અને ઉપાસનાના આ પર્વમાં દેવી શક્તિના નવ સ્વરૂપોનું વિધિપૂર્વક પૂજન અર્ચન થશે

ગાંધીનગર, તા. ૨૯

દેવી શક્તિને રીઝવવાનું મહાપર્વ એટલે ચૈત્રી નવરાત્રી મા જગદંબાના મહાપર્વ એવા નવરાત્રી વર્ષમાં બે વાર આવે છે. જેમાં ચૈત્રી નવરાત્રી ચૈત્ર સુદ એકમને સોમવારથી શરૂ થઈ રહી છે. આદ્યશક્તિના નવ સ્વરૂપોને વિધિપૂર્વક પૂજન અર્ચન કરવાના આ પર્વમાં ભકતો ઘરસ્થાપનથી સ્થાપના કરી નવદિવસ સુધી ભક્તિ અને ઉપાસના કરી મા જગદંબાની અસીમ કૃપા મેળવવા પ્રયાસ કરશે.

સોમવાર ચૈત્ર સુદ એકમનથી વિવિધ મંદિરો અને ઘેર ઘેર આદ્યશક્તિ જગદંબાની નવરાત્રીના મંગલ પ્રારંભે ઘટસ્થાપન થશે. શારદીય નવરાત્રી આસો માસમાં આવે છે જે દુર્ગાપૂજા તરીકે ઉજવાય છે. જયારે ચૈત્રી નવરાત્રીમાં સાધના-ઉપાસના, અનુષ્ઠાન અને હવન વગેરે પ્રસંગો ઉજવી માતાજીને પ્રસન્ન કરાય છે. નવ દુર્ગા નવરાત્રી તરીકે ઉજવાતી ચૈત્રી નવરાત્રીમાં

વ્રત અને ઉપવાસનો ખાસ મહિમા આલેખાયો છે. તેમજ રાજયમાં અનેક સ્થળોએ આ નવરાત્રી રંગેચંગે ગરબે ઘુમીને પણ ઉજવાય છે તો અનેક મંદિરોમાં માતાજીના પાટોત્સવ પણ થાય છે.

દેવીશકિતના નવસ્વરૂપોમાં શૈલપૂત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી અને સિદ્ધિદાત્રીનું પૂજન થાય છે. નવરાત્રીમાં મા શક્તિના પૂજનથી આધ્યાત્મિક શક્તિમાં વધારો, શારીરિક તંદુરસ્તીમાં વધારો, બુદ્ધીશક્તિનો વધારો તથા દેવીકૃપાનું ફળપ્રાપ્ત થતુ હોવાનું શાસ્ત્રો જણાવી રહ્યા છે. નવરાત્રી દરમ્યાન મા આદ્યશક્તિની આરતી, સ્તુતી, ગરબા અને પ્રસાદ નિત્ય થતા હોય છે અને આઠમને હવન અને નોમનું નેવેધ માતાજીને અર્પમ થાય છે. આ પર્વ દરમ્યાન દુર્ગા સપ્તસતી, દુર્ગાચાલીસા દુર્ગા સ્તોત્ર સતનામ, દેવીકવચન, સિદ્ધિકુંજિકા સ્તોત્ર તથા દેવી સુકતમુના પાઠ કરવાથી માતાજી પ્રસન્ન થઈ સર્વે દુઃખનો નાશ કરે છે.

ગુડાની આવાસ યોજના અન્વયે પ્રથમ હપ્તા માટે મુદત લંબાવાશે

અરજદારો માટે ટુંકા ગાળામાં રકમ ચુકવવાનુ મુશ્કેલ એક મહીનો મુદત લંબાવવા વિચારણા

ગાંધીનગર, તા. ૨૯

શુભ-લાભ આવાસ યોજના અન્વયે ડ્રોની પ્રક્રીયાના અંતે હાલની સ્થિતિએ ૬૦૦ જેટલા અરજદારોએ પ્રથમ હપ્તો ચુકવી દીધો છે. જ્યારે ઓછી આવક ધરાવતા પરીવારો માટે ટુંકા ગાળામાં આ રકમ ભરપાઈ કરવાનું મુશ્કેલ હોવાથી આ મામલે મુદત વધારવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈ ગુડા દ્વારા એક મહીનાની મુદત વધારવા પણ નિર્ણય લેવાયો છે.

ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરીવારજનો માટે શુભ લાભ આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ યોજના અન્વયે ગુડા દ્વારા રાયસણ, ચિલોડા અને અડાલજમાં ૧૧૦૦ જેટલા લાભાર્થીઓને આવાસ

● અનુસંધાન પાન-૭ પર

જાહેર નિમંત્રણ

શ્રી ખાખરિયા છાસઠ પ્રજાપતી સેવા સમાજની કારોબારી મીટીંગ તા.૩૦/૩/૧૪ ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે કુડાસણ ખાતે સમાજના શૈક્ષણિક સંકુલમાં મળશે જેમાં સમાજના આગામી કાર્યક્રમો, સામાજીક અને શૈક્ષણિક કાર્યક્રમો તેમજ યુવા સંગઠન અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે સમાજના સર્વે જ્ઞાતિ બંધુઓ, યુવાનો, કાર્યકર મિત્રો, હોદ્દેદારો, સર્વે કારોબારી મિત્રોને મોટી સંખ્યામાં હાજર રહેવા સમાજના પ્રમુખશ્રી ભરતભાઈ એ. પ્રજાપતીની હાર્દિક અપીલ છે. સમાજની ડીરેક્ટરીના ફોર્મ ભરીને દરેક ગામના પ્રતિનિધિએ સત્વરે પહોંચતા કરવા વિનંતી છે.

પ્રમુખ — ભરતભાઈ એ. પ્રજાપતિ
મહામંત્રી — કાન્તિલાલ આઈ. ગુર્જર

મતદાર યાદીમાં નામ ચકાસણીની આજે અંતિમ તક
મતદાન કરી લોકશાહી મજબૂત બનાવીએ
- જનહિતમાં પ્રકાશિત

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

નાણાંકીય વર્ષના આખરે હિસાબ ચોખ્ખા કરવા ઉઘરાણીની દોડધામ

મંદીના માહોલ વચ્ચે સરવૈયા, નફાનુકસાન અને ટેક્ષ ગણતરીને અપાઈ રહેલો ઓપ

ગાંધીનગર, તા. ૨૯

વર્ષો અગાઉ દિવાળીએ નવા ચોપડા ખરીદી જુના હિસાબ ચુકતે કરવાની પદ્ધતિ હતી જેમાં ફેરફાર થઈ ૩૧ માર્ચ આખર દિવસ સાથે ૧ એપ્રિલથી ૩૧ માર્ચ હિસાબી વર્ષને કાયદાકીય સ્વરૂપ અપાયું. ત્યારથી ૩૧મી માર્ચ સુધી હિસાબ ચોખ્ખા કરવા માર્ચ મહિનામાં ઉઘરાણીની ભારે તડાપડી રહેતી હોય છે. સરવૈયુ, નફાનુકસાન અને ટેક્ષગણતરીને ધ્યાને લઈ ચોપડાઓ આખરી તબક્કામાં લખાઈ રહ્યા છે અથવા હાલમાં કોમ્પ્યુટરાઈઝેડ હિસાબો થઈ રહ્યા છે. જેથી માર્કેટમાં અને બેંકોમાં બાકીદારો પાસે વસુલાત માટે કાર્યવાહી થઈ રહી છે.

દેશભરમાં માર્ચ મહિનો શરૂ થતા જ વર્ષ આખરના હિસાબો ફંફોસાતા થઈ જાય છે. જેમાં બાકીદારો પાસે હિસાબ ચુકતે સમજાવટો અને દબાણો થાય છે. ૧ એપ્રિલથી ૩૧ માર્ચ સુધીના આવક-જાવકના લેખાજોખા તેમજ સરવૈયા અને નફાનુકસાન આધારે ટક્ષકાની ગણતરીઓ પણ મંડાઈ જાય છે. દરેક વ્યવસાય અને નોકરીયાત માટે ટેક્ષ એ જવાબદારી બનતી હોવાથી માર્ચ મહિનો નાણાંકીય લેવડદેવડ માટે ખુબજ મહત્વનો બની જાય છે.

વેપારી વર્ગ પોતાના ત્યાંથી ઉધાર લઈ ગયા હોય તેમની યાદી બનાવી ઉઘરાણી શરૂ કરી દે છે તો બેંકો પણ પોતાના બાકીદારોને ફરજ ચુકતે કરવા કાર્યવાહી હાથ ધરે છે. જોકે માર્ચ માસના કારણે માર્કેટમાં અને બેંકોમાં મોટાપાયે નાણાંકીય ટર્નઓવર થતુ હોવાનું જણાય છે. ૨૦૧૩-૨૦૧૪નું વર્ષ ૧ એપ્રિલથી ૨૦૧૪-૨૦૧૫ ગણાશે જેથી બાકી લેણાં અને દેવાની રકમો આગળ ચોપડે ખેંચવી ન પડે તે હેતુથી હિસાબ ચુકતે કરવાની કોશિષ સૌ કોઈ કરે છે. જો કે હાલ માર્કેટમાં ઘરાકીના અભાવે નાણાંકીય ખેંચ અનુભવતો વેપારી વર્ગ ભારે મુંઝવણનો અનુભવ કરી રહ્યો છે. છતાં પણ ૨૦૧૩-૧૪ નાણાંકીય વર્ષના હિસાબોને ચોપડે ચોખ્ખા રાખવા માલની રકમ ચુકતે કરવી અને બાકીની ઉઘરાણી કરી લેવી તેવા ધ્યેય સાથે વર્ષને આખરી વિદાય માટે સજ્જ બન્યા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૮૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com